સંદર્ભ : નકૃયુ/વિશિની/સી/૧૬૨૬/૨૦૨૪, નવસારી તા. ૨૯/૦૬/૨૦૨૪

વિષય : કૃષિકાર ભવન ખાતે ભોજન વ્યવસ્થા માટે ગત વર્ષના ભાવે રસોઈ બનાવવાના કોન્ટ્રાકટને લંબાવી આપવા બાબત...

---

No. NAU/DEE/C-1/Web-37/2024 Date : 03/07/2024

Director of Extension Education

NAVSARI AGRICULTURAL UNIVERSITY
ડો. એચ. આર. શર્મા
વિસ્તરણ શિક્ષણ નિયામક

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેક્સ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬
e-mail : dee@nau.in, Website : www.nau.in

Azadi Ka Amrit Mahotsav

જા.નં.નકૃયુ/વિશિનિ/સી/ ૧૬૨૬ /૨૦૨૪ નવસારી  તા. ૨૯/૦૬/૨૦૨૪

પ્રતિ,
ભવાની કેટરર્સ
HDFC બેંકની સામે,
એરૂ ચાર રસ્તા, નવસારી.

**વિષયઃ**– કૃષિકાર ભવન ખાતે ભોજન વ્યવસ્થા માટે ગત વર્ષના ભાવે રસોઈ બનાવવાના કોન્ટ્રાકટને લંબાવી આપવા બાબત...

**સંદર્ભઃ**– આપનો તા. ૨૮/૦૫/૨૦૨૪નો સંમતિ પત્ર.

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપણી યુનિવર્સિટી ખાતે યોજાતા વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેનાર માટે કૃષિકાર ભવન ખાતે ચા, નાસ્તો તેમજ ભોજનની સુવિધા રાખવામાં આવે છે. આ સુવિધા માટે ટેન્ડર પ્રક્રિયા દ્વારા રસોઈ બનાવી આપવા માટેનો વાર્ષિક કોન્ટ્રાકટ તમોને તા. ૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૪ સુધીના ના સમયગાળા માટે આપવામાં આવેલ હતો. જે કોન્ટ્રાકટ તા. ૩૦/૦૪/૨૦૨૪ ના રોજ પુર્ણ થયેલ હતો. ચાલુ વર્ષના એપ્રિલ–મે માસમાં લોકસભા સામાન્ય ચુંટણી હોય, જેને ધ્યાને લઈને બંન્ને માસમાં આચારસંહિતા લાગુ પડેલ હોવાથી આચાર સંહિતા પુરી ના થાય ત્યાં સુધી ઉપરોકત પાર્ટીને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી તરફથી તા. ૦૧/૦૫/૨૦૨૪ થી તા.૩૧/૦૫/૨૦૨૪ (૧ માસ) સુધી જુના ભાવે સદર રસોઈની કામગીરી માટેનો રેટ કોન્ટ્રાકટ લંબાવી આપવામાં આવેલ હતો(આધાર સામેલ છે). જે તા.૩૧/૦૫/૨૪ ના રોજ પૂર્ણ થયેલ છે તે માટેના ટેન્ડર ફોર્મની શરત નં. ૨૧ મુજબ રસોડાના ઘસારા ખર્ચ પેટેની રકમ રૂા.૧૨૫૦/–(અંકે રૂપિયા એક હજાર બસો પચાસ પુરા) ઓર્ડર મળે રોકડેથી સત્વરે અત્રેની કચેરીમાં ભરવાના રહેશે.

**તમોએ તા. ૨૮/૦૫/૨૦૨૪ ના પત્ર મુજબ ગત વર્ષના ભાવ પ્રમાણે જ (ભાવપત્રક સામેલ છે) રસોઈ બનાવવાની સ્વૈચ્છિક તૈયારી, સંતોષકારક કામગીરી અને સારી વર્તણુંક તથા કોન્ટ્રાકટની શરતોને આધિન રહી રસોઈ બનાવી આપવા અંગેની સહમતિ દર્શાવેલ છે. જેને ધ્યાને લઈ કૃષિકાર ભવન ખાતે રસોઈ બનાવવાનો અને પીરસવાનો કોન્ટ્રાકટ તા. ૦૧/૦૬/૨૦૨૪ થી ૩૧/૦૫/૨૦૨૫ સુધી લંબાવી આપવામાં આવે છે.**

વધુમાં જણાવવાનું કે, ટેન્ડર ફોર્મની શરત નં.૧૯ મુજબ સિકયોરીટી ડીપોઝીટ (રકમ) પેટે રૂા. ૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) અત્રેની કચેરીમાં અગાઉના વર્ષમાં આપે જમા કરાવેલ છે, જે કોન્ટ્રાકટ પૂર્ણ થયે (તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી) કામગીરી સંતોષકારક જણાય તો આ રકમ પુરેપુરી પરત કરવામાં આવશે. તદઉપરાંત ટેન્ડર ફોર્મની શરત નં. ૨૧ મુજબ તા. ૦૧/૦૬/૨૦૨૪ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા માટેના રસોડાના ઘસારા ખર્ચ પેટેની રકમ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)નો **"Assistant Extension Educationist, (AEE) DEE, Navsari"**ના નામનો ડિમાન્ડ ડ્રાફટ ઓર્ડર મળે દિન–૦૭ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો રહેશે, જે પરત મળવાપાત્ર રહેશે નહી.

ઉપરોકત વિગત મુજબ આપે કરવાની થતી કાર્યવાહી સમય મર્યાદામાં પુર્ણ કરી રસોઈ બનાવવાની કામગીરી ચાલુ રાખવાની રહેશે અને આમ કરવામાં નિષ્ફળ જશો તો આ ઓર્ડર આપોઆપ રદ ગણાશે, જેની જવાબદારી તમારી રહેશે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## કૃષિકાર ભવન ખાતે રસોઈ બનાવવા માટેના મંજુર કરેલા ભાવો દર્શાવતુ પત્રક

| અ.નં. | | ભોજન મેનુની વિગત | ભાવ |
|---|---|---|---|
| ૧. | | દાળ, ભાત(મસુરી ચોખા), એક લીલોતરી શાક, એક કઠોળ, કચુંબર, પાપડ, પુરી/રોટલી, છાશ | ૬૮/– |
| ૨. | | એક લીલોતરી શાક, દાળ, ભાત(મસુરી ચોખા), મેવા લાપસી/શીરો, પાપડ, કચુંબર, પુરી/રોટલી, ફરસાણ(ખમણ/ ભજીયા/સમોસા), છાશ | ૮૮/– |
| ૩. | | દાળ, ભાત(મસુરી ચોખા), એક લીલોતરી શાક, કચુંબર, પુરી/રોટલી, છાશ | ૫૬/– |
| ૪. | | એક લીલોતરી રસાવાળું શાક, ભાખરી/રોટલી/પુરી, ખીચડી, કઢી, કચુંબર | ૫૫/– |
| ૫. | | એક લીલોતરી શાક, એક કઠોળ, ભાત(કોલમ), દાળ, એક ફરસાણ, કચુંબર, પાપડ, પુરી/રોટલી, છાશ અને (૧) ગુલાબજાંબુ (૨) ફ્રુટ સલાડ (૩) મોહનથાળ (૪) બુંદીના લાડવા પૈકી કોઈપણ એક મિઠાઈ | ૧૧૮/– |
| ૬. | | પંજાબી શાક, એક કઠોળ, પુલાવ/જીરા રાઈસ, દાળ ફ્રાય/કઢી, ફરસાણ, કચુંબર, પાપડ, પુરી/રોટલી, છાશ અને(૧) શ્રીખંડ (૨) કેરીનો રસ (૩) મગની દાળનો શીરો (૪) બરફી પૈકી કોઈપણ એક મિઠાઈ | ૧૪૦/– |
| ૭. | | **ચા–નાસ્તો :** | |
| | ૭.૧ | એક આખી ચા (૧૫૦ મી.લી) | ૧૦/– |
| | ૭.૨ | એક અડધી ચા (૭૫ મી.લી) | ૦૭/– |
| | ૭.૩ | એક આખી કોફી (૧૫૦ મી.લી) | ૧૨/– |
| | ૭.૪ | ખમણ/બટાકા પૌવા/ઈદડા નાસ્તો એક પ્લેટ (૧૫૦ ગ્રામ) | ૧૫/– |
| | ૭.૫ | ભજીયા/ગોટા/ઉપમા/સમોસા કે અન્ય એક પ્લેટ(૧૫૦ ગ્રામ) | ૨૨/– |
| | ૭.૬ | સેવખમણી (૧૫૦ ગ્રામ) /પેટીશ (૪ નંગ)/પરોઠા (૨ નંગ)/ ઈડલી (૪ નંગ) સંભાર / ફાફડા (૧૦૦ ગ્રામ) કે અન્ય એક પ્લેટ | ૨૮/– |

વિસ્તરણ શિક્ષણ નિયામક